

# સ્ટ્રેઈટ સ્ટીચ

આ ટ્યુટોરિયલમાં તમે ઉષા સ્ટ્રેટ સ્ટીચ સ્યૂઇંગ મશીન વિશેની તમામ બાબતો શિખશો.









અભિનંદન અને આ વિડિઓમાં તમારું સ્વાગત છે, જ્યાં તમે તમારી ઉષા સ્ટ્રેટ સ્ટીચ સિલાઈ મશીન વિશેની જાણવા જેવી બધી જ બાબતો શીખશો. આ અમારી શૃંખલાની સૌથી સરળ મશીન છે અને તેમાં માસ્ટર બનવું ખૂબ સરળ છે.

બસ વિડિઓને ધ્યાનથી ફોલો કરો, હા, તે શરૂઆતમાં થોડું મુશ્કેલ લાગી શકે છે, પણ મારો વિશ્વાસ કરો, તમે પણ જલ્દી આ બધામાં માસ્ટર થઈ જશો.
તો ચાલો શરૂ કરીએ?

ચાલો આપણે બોબીન કેવી રીતે ભરવું તે શિખીને શરૂઆત કરીએ... જે રીતે હું કરું છું તે પ્રમાણે કરો. આપણે બોબીન કેસથી શરૂઆત કરીશું.


સ્લાઈડ પ્લેટને ખોલો અને બોબીન કેસ નિકાળી દો. ત્યારબાદ બોબીન કેસમાંથી બોબીનને કાઢી લો. સ્પૂલમાંથી દોરીને ખેંચો અને દોરીને બોબીન વાઈન્ડર ટેંશન બ્રેકેટની ઉપર ગાઈડ કરો. બોબીન વાઈન્ડર સ્પિન્ડલ પર બોબીન દાખલ કરો...આ રીતે. ત્યારબાદ, બોબીનને પકડવા માટે બોબીન વાઈન્ડર લેચને દબાવો.

તમારા ડાબા હાથથી બેલેન્સ વ્હીલને પકડી રાખીને સ્ટોપ મોશનને ઢીલી કરો... જેવી રીતે હું કરું છું. આનાથી મશીન ફ્લાયવ્હીલથી ડિસ્કનેક્ટ થઈ જશે.





અને મશીન ચાલુ કરો - જયારે બોબીન સંપૂર્ણ રીતે ભરાઈ જશે તો તે પોતાની જાતે જ બંધ થઇ જશે. દોરીને કાપી લો. ભરેલા બોબીનને હટાવી દો અને સ્ટોપ મોશનને ટાઈટ કરી દો. હવે અહીંયા આ રીતે બોબીન કેસમાં બોબીન રાખો, અને પછી અહીં ખાતરી કરો કે દોરી ઘડિયાળની દિશામાં ખૂલતી હોય. દોરીને બોબીન કેસના સ્લોટમાં ખેંચો. પછી 10 સેન્ટિમીટર(એટલે કે 4 ઇંચ) મુક્ત દોરી છોડી ટેંશન સ્પ્રિંગની નીચે અને ડિલિવરી આઈની અંદર દોરીને ખેંચો.



હવે આવે છે કે ભરેલા બોબીનની સાથે બોબીન કેસને શટલમાં કેવી રીતે મૂકવી. બોબીન કેસને શટલ રેસમાં સીધી નાખો, એ ખાતરી કરો કે બોબીન કેસ સ્ટોપર સ્લોટમાં સરખી રીતે ફિક્સ થઇ જાય. બોબીન કેસ ક્લચને મુક્ત કરો અને બોબીન કેસ મજબૂતીથી ફિક્સ થઇ જશે. હવે વાસ્તવિક સિલાઈ શરૂ કરતા પહેલાનું અંતિમ સ્ટેપ... ચાલો શીખીએ કે મશીનને થ્રેડ કેવી રીતે કરવું. હું હમણાં જ તમને બતાવું છું.





સૌ પ્રથમ, આ રીતે બેલેન્સ વ્હીલને પોતાની તરફ ફેરવી થ્રેડ ટેક-અપ લીવરને તેની ઉચ્ચતમ સ્થિત પર ઉઠાવો. પછી પ્રેસર ફુટ ઉપર ઉઠાવો.





દોરીને થ્રેડ ગાઈડ દ્વારા ફેસપ્લેટ પર લઇ આવો અને દોરીને પકડી રાખીને, દોરીને આ રીતે થ્રેડ ટેંશન યુનિટમાં ખેંચો. આ પોઈન્ટ પર ચેક સ્પ્રિંગ મારફત દોરીને ખેંચો. પછી દોરીને થ્રેડ ટેક-અપ લીવર દ્વારા પાછળથી આગળ તરફ અને ઉપર તરફ લઇ જાઓ, જે તમે મને જોઈ શકો છો. અને પછી આ રીતે દોરીને ફેસ પ્લેટ થ્રેડ ગાઈડ મારફતે પાસ કરો. ત્યારબાદ દોરીને નીચેની બાજુએ ખેંચો અને તેને નીડલબાર થ્રેડ ગાઈડમાં સરકાવો. હવે છેલ્લા સ્ટેપ માટે - દોરીને ડાબેથી જમણે સોયની આંખ માં દાખલ કરો.



દોરીને તમારા હાથમાં પકડો, ફ્લાયવ્હિલને ફેરવી સોયને સોયના છિદ્રમાં  નીચે કરો.
જ્યાં સુધી સોય ફરીથી ઉપર ન આવી જાય ત્યાં સુધી ફ્લાયવ્હિલ ફેરવવાનું ચાલુ રાખો. બોબીનની દોરીને ઉપર ખેંચવા માટે સોયની દોરીને ખેંચો.



આ રીતે તમે ઉપરની દોરી માટે થ્રેડ ટેંશનને એડજસ્ટ કરશો. થ્રેડ ટેંશન નોબને ઢીલા ટેંશન માટે આ રીતે ફેરવો, અને ટાઈટ થ્રેડ ટેંશન માટે આ રીતે... ટાંકાના અંતિમ ફિનિશિંગને નક્કી કરવા માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. થ્રેડ ટેંશન એકદમ બરાબર હોવું જરૂરી છે...જો તે ઢીલું હશે તો તમને દરેક સિલાઈમાં વધારાની દોરીઓનું ગુંચળું જોવા મળશે જેથી આ બહુ જ ખરાબ દેખાશે અને જો આ દોરી બહુ ટાઈટ હશે તો દોરી ટૂટતી રહેશે.



સ્ટીચ રેગ્યુલેટર નોબ તમને એ નક્કી કરવામાં મદદ કરશે કે તમે ટાંકાને કેટલો લાંબો કે ટૂંકો રાખવા માંગો છો. નોબને સંપૂર્ણ રીતે નીચે કરીને, તમે રિવર્સ સ્ટીચ એટલે કે ઉંધી સિલાઈ પણ કરી શકો છો.

ચાલો હવે આપણે સોય બદલતા શીખીએ.



સોયને બદલવા માટે નીડલ ક્લેમ્પ સ્ક્રૂને ઢીલો કરો. અને સોયને નીચે ખેંચો.  હોમ સિલાઈ મશીન માટે સોયનું માથું એક બાજુથી ફ્લેટ હોય છે અને બીજી બાજુથી ગોળ હોય છે. મશીનમાં સોય ફિક્સ કરતી વખતે, ખાતરી કરો કે ફ્લેટ સાઈડ નીડલબારની સામે હોય.




હવે, આપણે શટલને સાફ કરતા શીખીશું.સ્લાઈડ પ્લેટને ઉઠાવો અને શટલ રેસમાંથી બોબીન કેસ નિકાળી દો. શટલને બહાર નીકાળવા માટે શટલ રેસ ક્લેમ્પને ફેરવો. એક મુલાયમ કપડાથી શટલ રેસને સાફ કરી દો અને શટલને બદલો. શટલ હૂક રિંગમાં અંહી એક નોચ હોય છે... શટલ રિંગને સરળતાથી અંદર સરકાવવા માટે, આ શટલ રેસના ખાંચા સાથે મેચ થવું જરૂરી છે. શટલ રેસ બંધ કરવા માટે કલેમ્પને ફેરવો. બોબીન કેસને બદલો અને સ્લાઈડ પ્લેટને બંધ કરો.




છેલ્લી પણ મહત્વપૂર્ણ વાત, તમારે સરળ કામકાજ માટે સમય-સમય પર તમારા મશીનને ઓઇલ લગાવવું પડશે. એક્સેસરી બોક્સમાં એક ઓઈલની બોટલ રાખેલી છે, જે તમારા સિલાઈ મશીનની સાથે આવે છે. અહીં દર્શાવ્યા મુજબ, આપણે આપેલ માર્ક કરેલ હોલમાં ઓઈલિંગ કરવું જોઈશે.





જો તમે તમારા મશીનનો ઉપયોગ અઠવાડિયામાં એક જ વાર કરો છો, તો તેને મહિનામાં એક વખત લુબ્રીકેટ કરો, અને જો તમે તમારા મશીનનો ઉપયોગ મહિનામાં એક જ વાર કરો છો, તો દર તેને ત્રણ મહિને લુબ્રીકેટ કરો.

આ મશીનના એવા વેરિઅંટ પણ ઉપલબ્ધ છે, જે એક મજબૂત બેઝ અને એક કવર સાથે ઉપલબ્ધ છે, અને તે હાથ અને પગથી ઓપરેટ થાય છે. આ તમારામાંના એવા લોકો માટે છે જે હાથ અને પગથી ઓપરેટ થતું ઉષા ઉમંગ કમ્પોઝિટ સિલાઈ મશીન પસંદ કરે છે.

અમને આશા છે કે તમને આ લેસનમાં મજા આવી હશે!